# મનપસંદ શેર - ૧

□ મહેક ટંકારવી

છે બધે પાણી જ પાણી પણ તરસ છીપે નહીં
મૃગજળોના મુલ્કમાં કયાંથી અમે આવી ગયા

શેર - ૨

શું મળ્યું ત્યાગી તિમિરને એજ સમજાતું નથી
એટલું અજવાળું છે કે કંઈજ દેખાતું નથી

# ગઝલ

*□ મહેક ટંકારવી*

જખ્મોની મીનાકારી છે કોને બતાવીએ
કારીગરી છે યારની કોને જણાવીએ

સંબંધના સૂકાય ગયા છે સમંદરો
અસ્તિત્વમાં ભીનાશ પછી કયાંથી લાવીએ

આવે છે કોણ લૂંટવા એ જોઈએ જરા
આજે તો ગમનો આખ્ખો ખજાનો લૂંટાવીએ

બીજું કશું નહીં તો છે યાદો તો એમની
યાદોનો ધામધૂમથી ઉત્સવ મનાવીએ

આપે કટોરા ઝેરના દુનિયાની રીત છે
મીરાની જેમ આપણે પણ ગટગટાવીએ

લાગે છે તેડું મોતનું આવી રહ્યું મહેક
જૂનું ભલે છે આજ તો દેવળ સજાવીએ

# ગઝલ

*□ મહેક ટંકારવી*

નથી નામ કે ઠામ, હું છું ને તું છે
થયો હું તો ગુમનામ, હું છું ને તું છે

સમય પણ જુઓ કેવો થંભી ગયો છે
નથી સુબ્હ કે શામ, હું છું ને તું છે

તને હું ગમે તે કહીને પુકારું
કહું રામ કે શ્યામ, હું છું ને તું છે

ન છે ભાન ખુદનું કે બીજા કશાનું
નથી યાદ પણ નામ, હું છું ને તું છે

મળ્યો છે મિલનનો આ મોકો મજાનો
જે હો દઈ દે પયગામ, હું છું ને તું છે

કહેવું જે હો તે ભલે લોક ક્હેતા
ભલે થાઉં બદનામ, હું છું ને તું છે

તને હું નિહાળું, મને તું નિહાળે
હવે બીજું શું કામ, હું છું ને તું છે

છતાં પણ નશામાં હું ડૂબી રહ્યો છું
ભલે ખાલી છે જામ, હું છું ને તું છે

ખરૂં ચેન આજે જ મળ્યું છે દિલને
મહેકને છે આરામ, હું છું ને તું છે

# ગઝલ

*□ મહેક ટંકારવી*

ત્યાગ, વૈરાગનું દરવેશી પહેરણ દઈ જા
ઝેર દુનિયાનું ચઢયું છે મને મારણ દઈ જા

હા, હવે બ્હાર નીકળવું છે આ ભ્રમણાઓથી
હોય ના મૃગજળો એવું તું મને રણ દઈ જા

એ પછી કોઈ નશાની ન જરૂરત પડશે
તારી મસ્તીની મને એક કે બે ક્ષણ દઈ જા

સ્મિત ચ્હેરાનું કદી જેના નથી કરમાતું
ફૂલ તું રાખ, હે માળી મને માલણ દઈ જા

આમ તો રોજ તું કારણ વિના રિસાવે છે
આજ કંઈ હોય જો કારણ તો એ કારણ દઈ જા

તું ન આવે તો ભલે વાયદો તો આપી જા
આશ લઈ બેસી રહું એટલી ધારણ દઈ જા

દૂર થઈ જાય આ દૃષ્ટિની બધી મર્યાદા
તેં જે આંજ્યું છે મહેકને ય તે આંજણ દઈ જા

## ગઝલ

*□ મહેક ટંકારવી*

બગલમાં છૂરી ને મુખમાં તું રામરામ ન કર
હે ભક્ત એ રીતે ભક્તિને તું બદનામ ન કર

ફરી ન ઉપડે કદમ જ્યાંથી મંઝિલોની તરફ
કદી તું એવા ઉતારા મહીં વિરામ ન કર

પડે તિરાડ જો સંબંધની દીવાલ મહીં
કદી પૂરાય ના એવું તું કોઈ કામ ન કર

ઘડી કે બે ઘડી તું પણ ચડી લે ચકડોળે
ઉલી જશે, છે આ મેળો, અહીં મુકામ ન કર

હૃદયમાં યાદ ને હોઠો પર એનું નામ ન હો
મહેક એવી તું એકેય સુબ્હશામ ન કર

## ગઝલ

*□ મહેક ટંકારવી*

જિંદગીની ચાર ઘડી, એ રીતે જીવી લઈશું
બે ઘડી હસી લઈશું, બે ઘડી રડી લઈશું

બે દિવસ તમન્નામાં, બાકી બે પ્રતીક્ષામાં
બાદશા ઝફર માફક, આહ પણ ભરી લઈશું

નફરતોની નગરીમાં, પ્રેમ ગીત ગાવું છે
ભરબજારે મજનૂ થઈ, તું જ તું કરી લઈશું

બોજ વાસ્તવિકતાનો, થઈ જશે અસહ્ય જ્યારે
આંખ બે ઘડી મીંચી, સ્વપ્નમાં સરી લઈશું

હો કિનારા પર આંધી, કે પછી હો મઝધારે
નામ આપનું લઈને, સાગરો તરી લઈશું

નામ ઠામ ના પૂછો, ઓળખી તમે લેશો
મ્હેફિલે મહેક થઈને, જ્યારે મઘમઘી લઈશું